# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/03/ક્વા-૦૧/૨૦૨૩-૨૪/ 1585 -4 તારીખ : ૨૧-૦૫-૨૦૨૩

**રજી. એડી. પત્ર**

પ્રતિ,
શ્રી ડાભી વલ્લભભાઇ ચનાભાઈ
૧૭૯, પીપળાવાળો નદીકાંઠો, ,
મું. પો. : લોઠડા, તા. : રાજકોટ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૨૦
મોબાઈલ : ૯૬૬૪૬૦૧૩૪૬

વિષય : ઝૂંપડા વીજકરણ યોજનામાં વીજકનેકશન આપવા અંગે.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. નીલ.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : 03/ક્વા-૦૧/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

**નકલ સાદર રવાના :**

**(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.**

**(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૩.**

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

**(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, ખોખડદળ રાજકોટ શહેર.**

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

e-mail:forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/03/ક્વા-૧/૨૩-૨૪/ 1585-4 તા. ૨૯-૦૫-૨૦૨૩

૨003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર -03/ક્વા-૧/૨૩-૨૪, તા.૧૫-૦૪-૨૦૨૩

અરજદાર : શ્રી વલ્લભભાઇ ચનાભાઈ ડાભી, ગામ: લોઠા

રજૂઆત કરનાર : અરજદાર હાજર રહેલ નથી.

:: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – શહેર-૩ રાજકોટ

રજૂઆત કરનાર : એમ.આર.માકડિયા, કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ વિભાગીય કચેરી – શહેર-૩ રાજકોટ

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

:: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી એન. જી. કારિયા

૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : તા.૨૯.૦૪.૨૦૨૩ (શનીવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૯.૦૪.૨૦૨૩ (શનીવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી વલ્લભભાઇ ચનાભાઈ ડાભી દ્વારા ખોખળદળ પેટાવિભાગીય કચેરી ખાતે તા.૨૨.૦૯.૨૦૨૨ ના રોજ નવા કનેક્શનની અરજી તથા સંપુર્ણ ડોક્યુમેન્ટ રજીસ્ટર એડી થી મોકલાવેલ હતી. ત્યારબાદ સદર પેટાવિભાગીય કચેરીમાં કનેક્શન બાબતે અવારનવાર ધકકા ખાધા છતા કોઈ સંતોષકારક જવાબ આપેલ નથી. તેમજ સદર પેટાવિભાગીય કચેરીનાં અધિકારી અંકિત સાહેબશ્રી સાથે વાત કરતા એવો જવાબ આપ્યો કે અરજદાર પર લેન્ડ ગ્રેબીંગનો કેસ કરવામાં આવશે. જેથી અરજદાર દ્વારા જણાવેલ કે સદર જગ્યા પર કનેક્શન માંગેલ છે તે મફતીયાપરા તરીકે વિસ્તાર ઓળખાય છે અને રાજકોટ શહેરમાં અંદાજે ૧૦૦ થી ૧૫૦ જેટલા મફતીયાપરા છે. તો આ બધી જગ્યા પર સરકારની ઝુંપડા વિજકરણ યોજના હેઠળ વિજ કનેક્શન આપવામાં આવેલા છે. તો અરજદારને જ કેમ લેન્ડ ગ્રેબીંગની ધમકી મારવામાં આવે છે. ઝુંપડા વિજકરણ યોજના સરકારશ્રીની યોજના હોય અને આ યોજના મુજબના

ડોક્યુમેન્ટ આપેલા હોય જેની ખરાઈ કરી અને કનેક્શન આપવા અને કંપનીના એસ.ઓ.પી. મુજબ અધિકારીઓએ ગ્રાહકોને જવાબ આપવાની સૂચના આપવા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ અરજી કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારશ્રી ડાભી વલ્લભભાઈ ચનાભાઈ દ્વારા ઝુપડા વીજળીકરણ યોજનામાં કનેક્શન મળવા અંગે ખોખડદળ પેટાવિભાગીય કચેરીમાં તા.૨૯.૦૯.૨૦૨૨ ના રોજ અરજી કરેલ પરંતુ અરજીમાં જે જગ્યા વીજકનેક્શન લેવાનું હતું તે જગ્યાના માલિકી હક્કનો પુરાવો રજુ કરેલ ન હોવાથી તા.૨૦.૦૪.૨૦૨૩ ના રોજ અરજદારને ખોખડદળ પેટાવિભાગીય કચેરીમાં રૂબરૂ વીજકનેક્શન લેવા માટે જરૂરી આધાર પુરાવાની સમજણ આપેલ.

૩.૧ ઉપરોક્ત બાબતે અરજદારશ્રીને ખોખડદળ પેટાવિભાગીય કચેરી દ્વારા સમજણ આપતા અરજદારે તે માન્ય રાખેલ છે અને અરજદારશ્રીની ફરિયાદનું સુખદ નિરાકરણ થતા અરજદારશ્રી એ સમાધાન પુરસીસમાં સહી કરી આપેલ છે જે ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

૩.૨ વધુમાં, તા.૨૦.૦૪.૨૩ ના રોજ અરજદારશ્રી દ્વારા લેખિતમાં અરજી આપેલ છે જે તેમના સદર ફરિયાદ કરવામાં આવેલ નથી પરંતુ અન્ય કોઈ વ્યક્તિ દ્વારા ફરિયાદ તેમના નામે કરવામાં આવેલ છે. તેમજ અરજદારશ્રી જણાવે છે કે, ઓફીસ થી બહાર દૂધસાગર રોડ પર બેસતા અજાણ્યા શખ્સને અરજી કરવા માટે ડોક્યુમેન્ટ આપેલા તેણે ખોટી ફરિયાદ કરેલ છે. વધુમાં અરજદારશ્રી એ જણાવેલ કે ઓફીસના સ્ટાફ અંકિતભાઈને જોયેલા નથી તેમજ તેમને કોઈ લેન્ડ ગ્રેબિંગની ધમકી પણ આપેલ નથી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot

## ::હુકમ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની રજુઆત ઉપરોક્ત મુદા નં.૨.૦ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરાયેલ લેખિત રજુઆત મુદા નં. ૩.૨ મુજબ અરજદારની લેખિત સંમતી હેઠળ તા.૨૦.૦૪.૨૦૨૩ ના સમાધાન પત્રમાં સહી કરી આપેલ છે તે મુજબ અરજદારને નવા વીજજોડાણ માટે જરૂરી આધાર પુરાવા રજુ કરવાના હોય જેની વિગતવાર માહિતી આપતા અરજદારની ફરિયાદનું પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નિરાકરણ કરવામાં આવે છે.

૪.૨ ઉપરોક્ત મુદા નં. ૪.૧ મુજબ અરજદારની ફરિયાદનું નિરાકરણ થયેલ હોવાથી અત્રેના ફોરમ દ્વારા કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોવાથી અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (એન.જી.કારીયા) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |